# ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે સંસદનું બજેટ સત્ર : ૨૯મીએ આર્થિક સર્વેક્ષણ રજૂ થશે

## નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સતત નવમી વખત કેન્દ્રીય બજેટ રજૂ કરશે



નવી દિલ્હી

સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે, જ્યારે કેન્દ્રીય બજેટ ૨૦૨૬ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. આ માહિતી શુક્રવાર, નવમી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા રજૂ કરાયેલ એક નોંધ દ્વારા જાહેર કરવામાં આવી હતી.

સત્તાવાર નોંધ અનુસાર, બજેટ સત્ર ૨૮ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થશે અને બીજી એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે, જ્યારે સંસદ બીજા તબક્કા માટે નવમી માર્ચ ૨૦૨૬ના રોજ એકત્ર થશે.

સરકાર ૨૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ રજૂ કરશે અને ૨૦૨૬-૨૭ માટે કેન્દ્રિય અંદાજપત્ર પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવશે. બજેટ શેડ્યૂલ અંતર્ગત, બજેટ સત્રનો પ્રથમ તબક્કો ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે, જ્યારે સંસદ બીજા તબક્કા માટે નવમી માર્ચ ૨૦૨૬ના રોજ બેઠક યોજશે.

બજેટ સત્ર માટેની મુખ્ય તારીખો સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવી છે, જે મુજબ, સંસદીય સત્રનો પ્રથમ ભાગ ૨૮ જાન્યુઆરીથી ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૮ જાન્યુઆરીએ સંસદના સંયુક્ત સત્રાને સંબોધિત કરશે, જ્યારે આર્થિક સર્વે ૨૯ જાન્યુઆરીએ રજૂ કરવામાં આવશે. નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સતત નવમી વખત કેન્દ્રીય બજેટ રજૂ કરશે, જ્યારે આઝાદી પછીનું દેશનું આ ૮૮મું બજેટ હશે. અગાઉ, દેશનું આર્થિક અંદાજપત્ર ૨૮ ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવતું હતું, પરંતુ ૨૦૧૭ થી, તે પહેલી ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવે છે. આવું એટલા માટે છે કારણ કે બજેટ દરખાસ્તો આગામી નાણાકીય વર્ષથી, એટલે કે પહેલી એપ્રિલથી લાગુ થઈ શકે છે. બજેટ સામાન્ય રીતે લોકસભામાં સવારે ૧૧ વાગ્યે રજૂ કરવામાં આવે છે.

# એઆઈ Grok પર અશ્લીલતા ફેલાવતા ૬૦૦ એકાઉન્ટ ડિલીટ કરવામાં આવ્યા

## સરકારે નોટિસ ફટકાર્યા બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મની ભારતીય કાયદાનું પાલન કરવાની ખાતરી

નવી દિલ્હી,

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ દ્વારા ભારતીય કાયદાઓનું પાલન કરવાની ખાતરી આપવામા આવી છે. આ કાર્યવાહીના ભાગરૂપે અત્યાર સુધીમાં લગભગ ૩,૫૦૦ પોસ્ટ્સ બ્લોક કરી છે અને ૬૦૦થી વધુ એકાઉન્ટ્સ કાયમી ધોરણે ડિલીટ કરી દીધા છે. કંપનીએ સ્પષ્ટતા કરી છે કે હવેથી પ્લેટફોર્મ પર કોઈપણ પ્રકારની અશ્લીલ સામગ્રી ચલાવી નહીં લેવાય.

ચેટબોટ 'Grok'માં એક 'ઈમેજ જનરેશન' ફીચર હતું, જેનો ઉપયોગ કરીને યુઝર્સ અશ્લીલ અને આપત્તિજનક તસવીરો બનાવી રહ્યા હતા. ખાસ કરીને મહિલાઓની વાંધાજનક તસવીરો બનાવીને તેને પ્લેટફોર્મ પર શેર કરાતી હતી. આ બાબતે ભારત સરકારના આઈટી મંત્રાલયે કડક વલણ અપનાવીને 'ઠ' ને નોટિસ પાઠવી હતી અને આવી સામગ્રી તાત્કાલિક હટાવવા અથવા કાયદેસરની કાર્યવાહીનો સામનો કરવા ચેતવણી આપી હતી.

કંપનીએ સ્વીકાર્યું છે કે તેમની સિસ્ટમમાં ખામી હતી અને તેઓ હવે ભારતના ડિજિટલ કાયદા મુજબ કડક ફિલ્ટર્સ અમલમાં મૂકશે. આ મુદ્દો માત્ર ભારતમાં જ નહીં, પણ અમેરિકા, બ્રાઝિલ, ફ્રાન્સ, જર્મની અને મલેશિયા સહિતના દેશોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. આ દેશોએ ર્યી છૈં ચેટબોટ સામે તપાસની માંગ કરી છે. એટલું જ નહીં, અમેરિકાના સેનેટરોએ એપલ અને ગૂગલને પત્ર લખીને તેમના એપ સ્ટોર્સમાંથી એપને દૂર કરવાની માંગ કરી છે, જેના થકી વાંધાજનક તસવીરો સર્જી શકાય છે.

# ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ નજીક શંકાસ્પદ સેટેલાઈટ કમ્યુનિકેશન ટ્રેક થતા સુરક્ષાદળો સતર્ક

## જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને ભારતીય સેનાએ સંયુક્ત રીતે વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરાયું



શ્રીનગર,

પ્રજાસત્તાક દિવસને આડે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે, એ પહેલ સીમા પાર બેઠેલા આતંકવાદી સંગઠનો વધુ સક્રિય થઇ ગયા છે. જમ્મુના કાનાચક વિસ્તારમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદથી લગભગ એક કિલોમીટર દુર શંકાસ્પદ સેટેલાઇટ કમ્યુનિકેશન ટ્રેક થતા સુરક્ષાદળો સાવધ થઇ ગયા છે અને સર્ચ ઓપરેશન શરુ કર્યું છે.

ભારતની ગુપ્તચર એજન્સીઓએ સરહદી વિસ્તારમાં થુરાયા સેટેલાઇટ કમ્યુનિકેશન ડિવાઈસનો ઉપયોગ થઇ રહ્યો હોવાની જાણ થઇ હતી. જે અંગે સુરક્ષા દળોને જાણ કરવામાં આવી અને તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી.

જમ્મુ અને કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, બોર્ડર સિક્યુરિટી ફોર્સ અને ભારતીય સેનાએ સંયુક્ત રીતે વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે, હાલ વિસ્તારની નાકાબંધી કરી છે. હાલ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. અધિકારીનમાં જણાવ્યા મુજબ આગામી પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન અશાંતિ ફેલાવવા ના પ્રયસો કરવામાં આવી રહ્યા છે. વિસ્તારમાં સક્રિય આતંકવાદીઓને શોધી કાઢવામાં પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નોંધનીય છે કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના વડાપ્રધાન મૌલાના મસૂદ અઝહરે એક ઓડિયો મેસેજમાં કહ્યું હતું કે તેમની પાસે આત્મઘાતી હુમલા માટે હજારો ફિદાયીન તૈયાર છે. એવાં ભારતીય ગુપ્તચર એજન્સીઓ આને સુરક્ષા દળો કોઈ પણ પ્રકારની ક્યાસ છોડવા ઈચ્છતા નથી.

# ચાંદીમાં રોકાણ કરનારાઓને ચાંદી જ ચાંદી : ૧૬૪ ટકા વળતર મળ્યું

## નવા વર્ષની શરૂઆતમાં પણ ચાંદીના ભાવમાં સતત વધઘટ



નવી દિલ્હી,

વર્ષ ૨૦૨૫માં ચાંદીના ભાવમાં થયેલા સતત વધારાએ ચાંદીના રોકાણકારોને માલામાલ કરી દીધા છે. જેમાં વર્ષ ૨૦૨૫માં ચાંદીએ તેના રોકાણકારોને ૧૬૪ ટકાનું જંગી વળતર મળ્યું છે. તેમજ આ વર્ષની શરૂઆતમાં પણ ચાંદીના ભાવમાં વધઘટ જોવા મળી રહી છે. જેમાં શુક્રવારે ૯ જાન્યુઆરીના રોજ દિલ્હીના બુલિયન બજારમાં ચાંદીનો ભાવ ૬૫૦૦ રૂપિયા વધીને ૨,૫૦,૦૦૦ રૂપિયા પ્રતિ કિલો થયો હતો. આમ ગત વર્ષે ૩૧ ડિસેમ્બરની સરખામણીમાં ચાંદીના ભાવમાં અત્યાર સુધીમાં ૧૧,૦૦૦ રૂપિયા એટલે કે ૪.૬૦ ટકાનો વધારો થયો છે.

જ્યારે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ, દિલ્હી બુલિયન બજારમાં ચાંદીનો ભાવ રૂપિયા ૨૦૦૦ ઘટીને રૂપિયા ૨,૩૯,૦૦૦ પ્રતિ કિલો પર બંધ થયો હતો. ૧ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ચાંદીના ભાવ સતત બીજા દિવસે ઘટીને રૂપિયા ૧૬૦૦ ઘટીને રૂપિયા ૨,૩૭,૪૦૦ પ્રતિ કિલો પર પહોંચી ગયા હતા.

આ ઉપરાંત નિષ્ણાતના જણાવ્યા અનુસાર ભૂરાજકીય તણાવ અને યુએસ ડેટા વચ્ચે ચાંદીની માંગ સતત વધી રહી છે. તેમજ આગામી દિવસોમાં સોલાર પેનલ્સ, ઈવી અને અન્ય ઉદ્યોગો તરફથી મજબૂત માંગ તેના ભાવને વધુ વધારશે. માળખાકીય પુરવઠાની મર્યાદાઓ અને ચાંદીના ઈટ્ઠ માં સતત ઝડપી રોકાણ પણ ચાંદીના ભાવને વેગ આપશે. જોકે, આ વર્ષે ચાંદીના ભાવ ગયા વર્ષ જેટલા ઝડપથી વધશે નહી. જોકે, તેમણે ઉમેર્યું હતું કે આ વર્ષે ચાંદીના ભાવ પ્રતિ કિલો રૂપિયા ૩૦૦,૦૦૦ સુધી પહોંચી શકે છે. આનો અર્થ એ થયો કે ચાંદીના ભાવ તેમના વર્તમાન સ્તરથી આશરે રૂપિયા ૫૦,૦૦૦ એટલે કે ૨૦ ટકા વધી શકે છે.

# ઈડીએ આઈપીએસી દરોડા કેસમાં સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો, મમતા બેનર્જી સરકારે પણ ચેતવણી દાખલ કરી



નવીદિલ્હી,

કોલકાતામાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાજકીય સલાહકાર પેઢી આઈ પીએસી (ઇન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી) ના કાર્યાલય અને તેના ડિરેક્ટર, પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા. મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ દરોડાના બચાવમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. દરમિયાન,આઈ પીએસી કેસમાં હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. કોલકાતામાં આઈ પીએસી ડિરેક્ટર પ્રતીક જૈનના પરિસર પર દરોડા દરમિયાન, મમતા બેનર્જીએ અધિકારીઓ પાસેથી મહત્વપૂર્ણ ફાઈલો જપ્ત કરી હતી. હાર્ડ ડ્રાઈવ અને મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

ઈડીએ કલમ ૩૨ હેઠળ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. અરજીમાં, ઈડીએ દરોડા દરમિયાન થયેલા સમગ્ર સંઘર્ષનું વર્ણન કર્યું છે. ઈડી કહે છે કે રાજ્ય તંત્રના કારણે એજન્સીને નિષ્પક્ષ તપાસ કરવાથી અટકાવવામાં આવી હતી. ઈડીએ અગાઉ આ મામલે કોલકાતા હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેની સુનાવણી ૧૪ જાન્યુઆરીએ થવાની છે.આજે, પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ અરજી દાખલ કરી હતી. મમતા સરકારે જણાવ્યું હતું કે જો ઈઙ્ઢ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરે છે, તો કોઈપણ નિર્ણય લેતા પહેલા તેનો પક્ષ સાંભળવો જોઈએ.કેવિયેટ એ એક કાનૂની પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ કોર્ટને અગાઉથી જાણ કરે છે કે તેની સામે મુકદ્દમો અથવા તાત્કાલિક અરજી દાખલ થવાની સંભાવના છે, જેથી તેની વિરુદ્ધ કોઈ એકપક્ષીય આદેશ પસાર થાય તે પહેલાં તેને સાંભળવાની તક મળે.કેવિયેટનો હેતુ કુદરતી ન્યાયના સિદ્ધાંતને સમર્થન આપવાનો છે. નાગરિક કાર્યવાહી સંહિતાની કલમ ૧૪૮છ હેઠળ કેવિયેટ પિટિશન દાખલ કરવામાં આવે છે જેથી વ્યક્તિને કોર્ટ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવાની તક મળે.

# દિલ્હીના શાલીમાર બાગમાં મહિલાની ગોળી મારી હત્યા

## થોડા વર્ષો પહેલા પતિની હત્યા કરવામાં આવી હતી

નવીદિલ્હી,

દિલ્હીના શાલીમાર બાગમાં શનિવારે એક મહિલાની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. પોલીસને શંકા છે કે આ ઘટના તેના પતિના લાંબા સમયથી ચાલી રહેલા હત્યા કેસ સાથે જોડાયેલી હોઈ શકે છે, જેમાં કેટલાક આરોપીઓ હજુ પણ ફરાર છે. ડીસીપી ભીષ્મ સિંહે જણાવ્યું હતું કે આજે સવારે ૧૧:૦૦ વાગ્યે, અમને પીસીઆર કોલ મળ્યો જેમાં અમને જાણ કરવામાં આવી હતી કે શાલીમાર બાગમાં રહેતી રચના યાદવ નામની મહિલાને ગોળી વાગી છે. મહિલાનું મોત પાડોશીના ઘરેથી પરત ફરતી વખતે થયું હતું. કોઈએ તેના માથામાં ગોળી મારી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.

ડીસીપીએ કહ્યું કે આ કેસની પૃષ્ઠભૂમિ બાલસુઆ ગામ સાથે જોડાયેલી છે. તે તે જ ગામની રહેવાસી હતી અને તેના પતિ વિજેન્દ્ર યાદવની હત્યા થઈ ચૂકી છે. તેમણે કહ્યું કે મહિલાના પતિની હત્યા ૨૦૨૨ કે ૨૦૨૩માં થઈ હતી. અમે હાલમાં આ કેસ વિશે માહિતી એકઠી કરી રહ્યા છીએ. તે બાલસુઆ ગામમાં વ્યક્તિગત દુશ્મનાવટ અથવા કૌટુંબિક વિવાદ સાથે સંબંધિત હોવાનું જણાય છે. અમે વધુ તપાસ કરી રહ્યા છીએ.

પોલીસ અધિકારીએ જણાવ્યું કે મૃતકની ઓળખ રચના યાદવ તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા સતત તેના પતિની હત્યા વિશે માહિતી માંગી રહી હતી.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ વ્યક્તિની માર માર્યા બાદ ઝેર આપીને હત્યા

નવીદિલ્હી,

બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાયના વધુ એક સભ્યની હત્યા કરવામાં આવી છે. ગુરુવારે, સુનમગંજ જિલ્લામાં જોય મહાપાત્રા નામના એક હિન્દુ વ્યક્તિને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. મહાપાત્રાના પરિવારના જણાવ્યા અનુસાર, તેને એક સ્થાનિક વ્યક્તિ દ્વારા ગંભીર રીતે માર મારવામાં આવ્યો હતો અને પછી ઝેર આપવામાં આવ્યું હતું.

તેમની તબિયત વધુ ખરાબ થતાં, મહાપાત્રાને સિલહટ એમએજી ઓસ્માની મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનું આઈસીયુમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઘટનાથી બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ વસ્તી ખૂબ જ ભયભીત થઈ ગઈ છે.

બાંગ્લાદેશમાં વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસના કાર્યકાળ દરમિયાન લઘુમતી પર હુમલાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. થોડા દિવસો પહેલા જ, બાંગ્લાદેશના નરસિંગડી શહેરમાં અજાણ્યા હુમલાખોરો દ્વારા ૪૦ વર્ષીય હિન્દુ વ્યક્તિની તીક્ષ્ણ હથિયારથી છરી મારીને હત્યા કરવામાં આવી હતી. આનાથી બાંગ્લાદેશની હિન્દુ વસ્તીમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

૫ જાન્યુઆરીએ, જશોરના કોપાલિયા બજારમાં હિન્દુ ઉદ્યોગપતિ અને પત્રકાર રાણા પ્રતાપની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ગયા મહિનાની ૧૮ ડિસેમ્બરે, મૈમનસિંઘમાં કપડાના કારખાનાના કામદાર દીપુ ચંદ્ર દાસને ઈશનિંદાના આરોપસર માર મારવામાં આવ્યો હતો. બાદમાં તેમના શરીરને ઝાડ સાથે બાંધીને બાળી નાખવામાં આવ્યું હતું.૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, શરિયતપુરમાં ઉદ્યોગપતિ ખોકન ચંદ્ર દાસને છરી મારીને સળગાવી દેવામાં આવ્યા હતા. ત્રણ દિવસ પછી ઢાકામાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. માનવ અધિકાર જૂથો અને લઘુમતી સમુદાયના સભ્યોએ હિન્દુ લોકોની વારંવાર થતી હત્યાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમનું કહેવું છે કે ધરપકડમાં વિલંબ અને સ્થાનિક અધિકારીઓ દ્વારા નબળા પગલાં ગુનેગારોને હિંમત આપી રહ્યા છે અને સંવેદનશીલ સમુદાયોમાં ભય વધારી રહ્યા છે.

# બેલ્લારી હિંસા કેસની તપાસ સીબીઆઈને સોપવામાં આવી


બેલ્લારી,

કર્ણાટકના બેલ્લારીમાં ભાજપ અને કોંગ્રેસ કાર્યકર્તાઓ વચ્ચે થયેલી અથડામણ અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. સરકારે ૧ જાન્યુઆરીના રોજ બેલ્લારીમાં થયેલી હિંસાની તપાસ ઔપચારિક રીતે ફોજદારી તપાસ વિભાગને સોંપી દીધી છે. કોંગ્રેસના ધારાસભ્ય નારા ભરત રેડ્ડી અને ભાજપના ધારાસભ્ય જી. જનાર્દન રેડ્ડીના સમર્થકો વચ્ચે થયેલી અથડામણમાં ૨૬ વર્ષીય કોંગ્રેસ કાર્યકરનું મોત થયું હતું. ત્યારથી બંને પક્ષો વચ્ચે રાજકીય ઘર્ષણ શરૂ થયું છે. નવા વર્ષના દિવસે ભાજપ ધારાસભ્ય જી. જનાર્દન રેડ્ડીના નિવાસસ્થાન પાસે બેનર લગાવવા અંગે વિવાદ થતાં અશાંતિ શરૂ થઈ હતી. બંને પક્ષો વચ્ચેનો મતભેદ પથ્થરમારા સુધી પહોંચી ગયો. ગોળીબાર પણ થયો, જે દરમિયાન કોંગ્રેસ કાર્યકર રાજશેખરને ગોળી વાગી અને બાદમાં તેમનું મોત થયું.

આ ઘટના બાદ, રાજ્ય સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહેવા બદલ બેલ્લારીના પોલીસ અધિક્ષક પવન નેજ્જુરને સસ્પેન્ડ કરી દીધા. બાદમાં, પોલીસે બ્રુસપેટ પોલીસ સ્ટેશનમાં ચાર એફઆઈઆર નોંધી હતી, અને અત્યાર સુધીમાં બંને પક્ષના ૨૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે.સીબીઆઈ તેની તપાસ ક્યારે પૂર્ણ કરશે તે જોવાનું બાકી છે. તાજેતરમાં, આ ઘટના બાદ, ભાજપના ધારાસભ્ય જી. જનાર્દન રેડ્ડીએ ગૃહમંત્રી અને મુખ્યમંત્રીને પત્ર લખ્યો હતો.

# આ ઘમંડ નથી, તો બીજું શું છે? મમતાનો એસઆઈઆર પર ચૂંટણી પંચને પત્ર

## તે શરમજનક છે કે ૯૦ વર્ષથી વધુ ઉંમરના નોબેલ પુરસ્કાર વિજેતા પ્રો. અમર્ત્ય સેન જેવા આદરણીય વિદ્વાનને પણ તેમની ઓળખ સાબિત કરવા માટે કહેવામાં આવ્યું હતું



નવી દિલ્હી,

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પત્ર લખ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, "મને ખૂબ જ આઘાત અને ચિંતા છે કે ચૂંટણી પંચ ખાસ સઘન સમીક્ષા (એસઆઈઆર) દરમિયાન સામાન્ય નાગરિકોને સતત હેરાન કરતું દેખાય છે. સુનાવણી પ્રક્રિયા સંપૂર્ણપણે ટેકનિકલ અને યાંત્રિક બની ગઈ છે, જેમાં સમજણ, સંવેદનશીલતા અને માનવીય અભિગમનો અભાવ છે." તેમણે ચૂંટણી પંચ પર ઘમંડનો આરોપ પણ લગાવ્યો હતો.મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પત્રમાં લખ્યું હતું કે, "એસઆઈઆર પ્રક્રિયા લોકશાહી અને બંધારણના પાયામાં મૂળ ધરાવે છે, છતાં તેમાં માનવતાનો અભાવ દેખાય છે. આઘાતજનક છે કે આ કવાયત, જે સકારાત્મક અને ઉપયોગી હોવી જોઈતી હતી, તેના પરિણામે અત્યાર સુધીમાં ૭૭ મૃત્યુ, ચાર આત્મહત્યાના પ્રયાસો અને ૧૭ હોસ્પિટલમાં દાખલ થયા છે."તેમણે જણાવ્યું હતું કે આ માટે ડર, ધાકધમકી અને આયોજન વિના વધુ પડતું કામનો ભાર જવાબદાર હતો. તે શરમજનક છે કે ૯૦ વર્ષથી વધુ ઉંમરના નોબેલ પુરસ્કાર વિજેતા પ્રો. અમર્ત્ય સેન જેવા આદરણીય વિદ્વાનને પણ તેમની ઓળખ સાબિત કરવા માટે કહેવામાં આવ્યું હતું. તેવી જ રીતે, કવિ જોય ગોસ્વામી, સાંસદ અને અભિનેતા દીપક અધિકારી, ક્રિકેટર મોહમ્મદ શમી અને ભારત સેવાશ્રમ સંઘના મહારાજ જેવા અગ્રણી વ્યક્તિઓ પણ આ અસંવેદનશીલ પ્રક્રિયાનો ભોગ બન્યા હતા.

તેમણે કહ્યું, "જો આ ઈસીઆઈ તરફથી ખુલ્લેઆમ અપમાન નથી, તો તે શું છે? આ ફક્ત થોડા ઉદાહરણો છે; ઘણા લોકો છે જેમને આ રીતે હેરાન કરવામાં આવ્યા છે. લગ્ન પછી અટક બદલીને સાસરિયાંના ઘરે રહેવા ગયેલી મહિલા મતદારોને પણ તેમની ઓળખ સાબિત કરવા માટે બોલાવવામાં આવી રહી છે. આ સામાજિક સંવેદનશીલતાનો અભાવ દર્શાવે છે અને તે મહિલાઓ અને વાસ્તવિક મતદારોનું અપમાન છે. શું કોઈ બંધારણીય સંસ્થા અડધી વસ્તી (મહિલાઓ) સાથે આ રીતે વર્તે છે?તેમણે તેમના પત્રમાં આગળ લખ્યું, "નિરીક્ષકો અને સૂક્ષ્મ-નિરીક્ષકોને કોઈપણ તાલીમ વિના ખાસ અને સંવેદનશીલ કાર્યો માટે તૈનાત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી ઘણા તેમના અધિકારક્ષેત્રની બહાર કામ કરી રહ્યા છે." "એવા ચિંતાજનક અહેવાલો છે કે કેટલાક નિરીક્ષકો સામાન્ય નાગરિકોને દેશદ્રોહી કહી રહ્યા છે અને તેમની સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે."તેમણે કહ્યું કે ચૂંટણી પંચ રાજ્ય પાસેથી આ કહેવાતા નિરીક્ષકોને સુરક્ષા પૂરી પાડવાની અપેક્ષા રાખી રહ્યું છે, જ્યારે ગંગાસાગર મેળા માટે પોલીસ પહેલેથી જ ભારે તૈનાત છે. તેમની પ્રાથમિક ફરજ સામાન્ય નાગરિકોનું રક્ષણ કરવાની છે, આ નિરીક્ષકોનું નહીં. એવું પણ બહાર આવ્યું છે કે કહેવાતા અતાર્કિક ખલેલ, જે ખરેખર અતાર્કિક છે, ચોક્કસ મતવિસ્તારોમાં રાજકીય પક્ષપાત સાથે ઈરાદાપૂર્વક નિશાન બનાવવામાં આવી રહી છે. દરમિયાન કોલકાતામાં, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાજકીય સલાહકાર પેઢી આઈ પીએસી (ઇન્ડિયન પોલિટિકલ એક્શન કમિટી) ના કાર્યાલય અને તેના ડિરેક્ટર, પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા.